જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૨૪૬૫/૧૮**

## છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ નાસતા ફરતા આરોપીને પકડી પાડવાની સુચના કરતા પો.સબ.ઇન્સ કે.આર.પરમાર. તથા અ.પો.કો.સુભાષભાઈ પ્રેમજીભાઈ બનં-૮૬૧૨. તથા અ.લો.ર.જયેશબભાઈ મયાભાઈ બનં ૫૦૮નાઓએ ઓઢવ પો.સ્ટેશન પ્રોહી ગુ.ર.નં-૫૨૧૦/૨૦૧૫ પ્રોહી કલમ.૬૬(૧)(બી),૬૫(ઈ),૮૧,તથા  ઓઢવ પો.સ્ટેશન પ્રોહી ગુ.ર.નં-૫૪૪૦/૨૦૧૫ પ્રોહી કલમ.૬૬ (બી),૬૫(એ)(ઈ),૮૧,મુજબના" કામે છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો નામે ગોપસિંહ ઉર્ફે ગોપીસિંહ ઉર્ફે ગોપી સ/ઓ તેરસિંહ જાતે:રાઠવા.રહે.ગામ::ધોધાદેવ સરપંચ ફળીયા તા.જી.છોટાઉદેપુર નાઓને પકડી લઈ ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા.૨૦/૧૨/૧૮ ના કલાક.૦૦/૦૫ વાગે પકડી અટક કરી છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢેલ છે.તા.૨૦/૧૨/૨૦૧૮.

## છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા અધુરા સરનામાવાળા ઘરફોડીયા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા" માટે હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ નાસતા ફરતા આરોપીને પકડી પાડવાની સુચના કરતા પો.સબ.ઇન્સ કે.બી.વિહોલ્ તથા અ.પો.કો.કાળુભાઈ જીવણભાઈ બનં-૧૧૭૯૯. તથા અ.પો.કો જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ બનં-૪૮૧૮.તથા અ.લો.ર.યુવરાજસિંહ જુવાનસિંહ બનં-૧૨૭૯૧. એ રીતેના સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૫/૩૦ વાગે ઓઢવ વિરાટનગર વેરા પાસે આવતા પો.સ.ઈ.કે.બી.વિહોલ.સા.નાઓની બાતમી આધારે " ઓઢવ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૫૧/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના" કામે છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી શેખ અલ્તાફ રઝાકભાઈ મનં-૫ આરજુ ડુપ્લેક્ષ સમા સ્કુલની પાછળ હાફીજજી મસ્જીદ પાસે અંબર ટાવર જુહાપુરા અમદાવાદ શહેર.નાઓને પકડી લઈ ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા.૨૦/૧૨/૧૮ ના કલાક.૧૬/૦૦ વાગે પકડી અટક કરી છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢેલ છે. તા.૨૦/૧૨/૨૦૧૮.

## બાપુનગર પોલીસ સ્ટેશન :

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક અટકાયતિ પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં ઉઠક બેઠક ધરાવતાં **<u>હસરતઅલી ઉર્ફે લલ્લો અકબરઅલી જાતે સૈયદ ઉવ.૨૦ રહે. ઉસ્માની મસ્જીદની ચાલી બીબી તળાવ પાસે વટવા તથા ચાર તોડા. કબ્રસ્તાન મોટી મસ્જિદ સામે કાચા છાપરામાં ગોમતીપુર અમદાવાદ શહેર</u>** નાનો મિલ્કત સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ નોંધાયેલ ગુનાઓ આધારે પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક <u>પીસીબી/ડીટીએન/પાસા/૧૨૨૩/૨૦૧૮ તા.૨૦।૧૨।૨૦૧૮</u> અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૨૦।૧૨।૧૮ ના કલાક ૨૧.૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી " વડોદરા જેલ " ખાતે પાસા અટકાયતિને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

તા.૨૦।૧૨।૧૮

## નરોડા પોલીસ સ્ટેશન :

### <u>સુરતનો નાસતો ફરતો નરોડા પોલીસે જડપ્યો</u>

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૨ અમદાવાદ શહેર નાઓ તરફથી નાસતા- ફરતા આરોપીઓ પકડવા ઝુબેશ રાખવામાં આવેલ જે ઝંબેશ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન- ૪ સાહેબ અમદાવાદ શહેર તથા તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જી" ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.વાઘેલા સાહેબ નરોડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ. જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા સર્વેસ્કોડના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓ પકડવા પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના પો.કો. પ્રતાપસિંહ ખુમાનસિંહ બ.નં-૧૦૧૩૦ તથા પો.કો.મયુધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં- ૧૪૬૭ નાઓની સંયુકત બાતમી હકિકત આધારે કામરેજ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં- ૩૦૭/૨૦૧૭ પ્રોહી કલમ- ૬૫ ઇ ,૮૧ ,૯૮ ૯૯ મુજબના કામે આરોપી મહાદેવ ઉર્ફે સંજય ફોજી તુલસીરામ મારાઠા (સીદ્યમ) રહે. મકાન નં- ૧૦૩/એ/૫ સ્વામીનારાયણ પાર્ક પહેલોમાળ નરોડા અમદાવાદ શહેર નાનો તેના બીજા સહ આરોપીઓ સાથે મળી <u>ઇગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ્લે બોટલ નંગ- ૧૨૩૫૬ જેની કિરૂ.૯,૮૦,૮૦૦/-</u> ની હેરાફેરી કરતા સહ આરોપી પકડાઇ ગયેલ હતા. અને સદર આરોપી સને ૨૦૧૭ થી આજદીન સુધી નાસતો ફરતો હતો જેને આજ રોજ તા- ૨૦/૧૨/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે સ્વામીનારાયણ પાર્કના બ્લોક નં-એ/૫ ના પાર્કીગમાંથી પકડી સી.આર.પી.સી.કલમ- ૪૧(૧) આઇ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૪૯૦/૨૦૦૫ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૯૫ તથા બીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામા છેલ્લા ૧૩(તેર) વર્ષથી નાસ્તા ફરતા આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના તરફથી નાસતાં-ફરતાં આરોપીઓને પકડવા સબબ રાખેલ ડ્રાઈવ અનુસંધાને મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી. શ્રી જે-ડીવીઝન અમદાવાદ તથા પોલીસ ઈન્સપેક્ટર શ્રી વટવા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના અહેકો કૈલાસરાવ હિમ્મતરાવ બ.નં.૭૮૪૫ તથા અપોકો રણજીતસિંહ મનુભાઈ બ.નં.૧૦૩૮૭ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે "વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૪૯૦/૨૦૦૫ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩-૩૯૫ તથા બીપીએક્ટ કલમ ૧૩૫(૧) વિગેરે મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસ્તો-ફરતો આરોપી નામે કિશોરભાઈ ઉર્ફે લંબુ ભાયાભાઈ જાતે-પરમાર ઉવ.૪૩ રહે - મ.નં.૩૧/૯૭૫ પરિક્ષીતલાલનગર બહેરામપુરા અમદાવાદ શહેર" નાઓને આજરોજ તા.૨૦/૧૨/૨૦૧૮ ના કલાક ૨૧/૩૦ વાગે અટક કરી આગળની વધુ કાર્યવાહી કરવા તજવીજ કરવામા આવેલ છે.

## છેલ્લા નવ (૦૯) વર્ષથી નાસતા-ફરતા આરોપીને મુંબઇ (મહારાષ્ટ્ર) ખાતેથી ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે એક ટીમ રાજસ્થાન ખાતે રવાના કરેલ જે આધારે

અમો તથા સે.પો.ઈન્સશ્રી બી.વી.ઝાલા સાહેબ તથા સર્વેલંન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી એન.પી.રાઠોડ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ હે.કો દેવીદાસ વિરભાણ બ.નં.૯૩૩૯ તથા સર્વેલંન્સ સ્કોડના પોકો હરદીપસિંહ ગજુભા બ.નં.૪૧૪૬ તથા પોકો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં.૧૩૦૮૭ તથા પોકો ભરતસિંહ મનુભાઇ બ.નં.૯૯૭૬ નાઓની ટીમ મુંબઈ (મહારાષ્ટ્ર) ખાતે તપાસમાં રવાના કરેલ. જે આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯૬/૨૦૦૯ ઈપીકો કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુનાના કામના નાસતા-ફરતા આરોપી કીર્તીકુમાર હરીરામ અગ્રવાલ રહે.મ.નં.૫૦૨ લાભ સરીતા બિલ્ડીંગ સરસ્વતી કો.ઓ બેંકની સામે એમ.જી રોડ વેસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડી ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા.૨૦/૧૨/૨૦૧૮ ના કલાક: ૧૯/૪૦ વાગે પકડી અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## છેલ્લા અગીયાર વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "એચ" ડીવીઝન, અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એમ.એચ.યાદવ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી એમ.એચ.યાદવ નાઓની બાતમી આધારે ગોમતીપુર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૧૭/૨૦૦૭ ધી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબના ગુનામા નાસતો-ફરતો આરોપી દેવાંગભાઈ ઉર્ફે દેવો સ/ઓ ભીખાભાઈ ખીમજીભાઈ ઠક્કર ઉ.વ.૪૯ રહે.મ.નં.૨૭ દુર્ગાપાર્ક ધનંજય પાર્કની સામે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ રોડ અમદાવાદ શહેર નાનો મળી આવેલ હોય સદરી ઈસમને ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા.૧૯/૧૨/૨૦૧૮ ના કલાક: ૧૯/૦૦ વાગે પકડી અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.તા.૧૯/૧૨/૨૦૧૮

## રખિયાલ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ નાસતા ફરતા તેમજ પાસા અટકાયતના આરોપીઓને શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ મે.પો.કમી શ્રી અ.વાદ શહેર નાઓના પાસા હુકમ નં-પીસીબી/ડીટીએન/પાસા/૧૨૧૮/૨૦૧૮ તા.૧૯/૧૨/૨૦૧૮ ના આધારે અમો પોલીસ ઇન્સ્પેક્ટર એમ.પી.પઠાણ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ પી.જે.ખરસાણ તેમજ સ્ટાફના માણસોને સાથે રાખી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી પાસા અટકાયતી આરોપી નામે સમીર અબ્દુલ લતીફ શેખ ઉવ ૨૯ રહે મનં ૧૯/૩૭ ગુ.હા.બોર્ડ ડી-૨૦ દવાખાનાના ગેટની સામેનીગલીમા રખિયાલ અમદાવાદ શહેર નાને તા- ૧૯/૧૨/૧૮ ના રોજ પકડી પાસા હુકમની બજવણી કરી અને સદરી આરોપીને અટકાયતમાં રહેવા સારૂ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

૧

મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને અરવલ્લી જીલ્લાના ઇસરી પોલીસ સ્ટેશનનાં પ્રોહી ગુ.ર.નંબર ૫૦૩૦/૨૦૧૮ ધી પ્રોહી કલમ ૬૫(ઇ),૯૮(૨),૮૧ મુજબનાં ગુન્હામાં નાસતા ફરતા આરોપી નામે મોહંમદ એઝાદ મોહંમદ આરીફ જાતે શેખ ઉ.વ. ૨૬ રહેવાસી ઘર નં-૯૯ દિલશાદ પાર્ક ઉસ્માની મસ્જીદ પાસે એકતા મેદાન પાસે જુહાપુરા અમદાવાદ શહેર નાને પો.કોન્સ. સુરેશભાઇ ગગુભાઇ બ.નં. ૯૭૭૩ નાઓની બાતમી હકીકત આધારે તારીખ ૧૯/૧૨/૨૦૧૮ નાં કલાક ૧૬/૦૦ વાગે C.R.P.C. કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી ઇસરી પોલીસ સ્ટેશનને સોપવામાં આવેલ છે.

૨

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર, તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ/જુગારની પ્રવુતિઓ ડામવા સારૂ સુચના આપતા હેડ.કોન્સ મહંમદઇદ્રીસખાન સામતખાન બ.નં.૫૭૨૫ તથા લોકરક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.ન ૧૧૪૮ નાઓએ ખાનગી બાતમીદારો દ્વારા માહીતી મેળવી આરોપીઓ નં(૧)જુબેરએહમદ ઉસ્માનભાઇ શેખ ઉ.વ. ૩૮ રહે ઘર.નં ૧૦૧,અલીફ ફ્લેટ સફવાનપાર્ક લોખંડવાલા પાર્ટી પ્લોટની પાછળ ફતેવાડી અમદાવાદ શહેર તથા નં(૨) મોહંમદજુનેદ મહેમુદભાઇ મણીયાર ઉ.વ. ૨૮ રહે. ઘર.નં-૧૬૯૯ મણીયારવાડ રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર નાઓના કબજા ભોગવટા વાળી ટાટા ઇન્ડિગો કાર ન જી.જે.૦૧ ડી.ઝેડ.૬૨૪૪ માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડન શીલબંધ બોટલ કુલ્લે નંગ ૨૪૦ ની કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/-નો તથા એક ટાટા ઇન્ડીગો કા કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/-ની તથા બે નંગ મોબાઇલ ફોનો કિંમત રૂપિયા ૫૫૦૦/-નાં તથા રોકડ રૂપિયા ૪૭૦/-ના મળી કુલ્લે રૂપિયા ૩,૭૫,૯૭૦/-નાં મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓને તારીખ ૨૦/૧૨/૨૦૧૮ નાં કલાક ૧૭/૨૦ વાગે પકડી ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

## ખોટા ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી બળજબરીથી પૈસા કઢાવવાની કોશિષ કરતા ગુનેગારોને પકડી પાડતી જી.આઈ.ડી.સી વટવા પોલીસ

ગઈ તારીખ-૧૮/૧૨/૧૮ ના રોજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલરૂમમાં ખોટો ફોન કરી જી.આઈ.ડી.સી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફેજ-૨ પાણીની ટાંકી પાસે ભગવતીબેન ઠાકોર નામની મહીલા ખુલ્લેઆમ દેશી દારૂ નુ વેચાણ કરે છે. અને બે ત્રણ માણસો દારૂ પીને બેભાન થઇ ગયેલ છે.અને લઠ્ઠાકાંડ થવાની શક્યતા છે જેવો ખોટો મેસેજ કોઈ ઈસમે કંટ્રોલરૂમને કરતાં સદરી બાબતે તપાસ કરતાં હકીકત ખોટી જણાતા મે.પો.કમિશ્નરશ્રી સાહેબ અમદાવદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી જે ડીવી સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ જી.આઈ.ડી.સી વટવા પો.સ્ટે. સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ સાહેબનાઓએ ટેલીફોન કરનાર ઈસમ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ-૧૮૨ મુજબ એન.સી.ફરીયાદ દાખલ કરી આગળની કાર્યવાહી પો.સ.ઈ શ્રી એસ.એસ.ગોસ્વામી સાહેબનાઓને તપાસ સોપેલ બાદ ભગવતીબેન ઠાકોરની પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે ટેલીફોન કરનાર પોતે પ્રેસના વ્યક્તીઓ હોય અને તેના સાગરીતો સાથે તેઓ પાસેથી બળજબરી થી પૈસા પડાવવા માટે ખોટા આરોપો મુકી ખોટા ગુનામાં ફસાવા પોલીસ કંટ્રોલરૂમમાં ખોટા લઠ્ઠાકાંડ ના મેસેજો કરી હેરાન પરેશાન કરતા હોવાની હકીકત જણાવતાં તેઓની જી.આઈ.ડી.સી વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૬૯/૧૮ ઈપીકો કલમ-૩૮૯,૫૧૧,૧૧૪ મુજબની ફરીયાદ લઈ આગળની તપાસ કરી ગણતરીના કલાકો માં આરોપીઓ (૧) મહેશકુમાર દેવજીભાઈ શુકલ ઉ.વ- ૩૨ રહે- ૯૪,સહકારનગર પ્રેમનગર મેમ્કો નરોડા રોડ હાઉસ નં-૧ થી ૨૫૮ અમદાવાદ શહેર મુળ વતન-ગામ-ટીકર તા-મુળી જી-સુરેંદ્રનગર (૨) અભિષેક ઉર્ફે સોનુ રમેશભાઈ સક્સેના ઉ.વ-૨૯ રહે- ૧૦૦,બંસીની ચાલી અશોકમીલ સામે નરોડા રોડ અમદાવાદ મુળ વતન-ગામ-કુડહાર જી-મેનપુરી યુ.પી (૩) રાજકુમાર ઉર્ફે રાહુલ કાલીચરણ ચોરસીયા ઉ.વ-૩૧ રહે-૧૭/૨ ઘાંચીની ચાલી અશોકમીલની સામે નરોડારોડ અમદાવાદ મુળ વતન-ગામ-રાજાખેડા તા-ધોલપુર રાજસ્થાન નાઓને આજરોજ તા:-૧૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૬/૨૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.

## છેલ્લા દસ વર્ષ થી અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.ક.શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ અનુસંધાને પો.સ.ઈ એ.ઓ.ભરવાડ તથા પો.કો શીવપ્રકાશ શેશમણી તથા બીજા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ રાજ્ય ઉત્તરપ્રદેશ ખાતે તપાસમાં હોય જેઓને તપાસ દરમ્યાન મળેલ હકીકત આધારે અ.હે.કો વિજયસિંહ પર્વતસિંહ બ.નં.૯૭૮૨ તથા પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ બ.નં.૧૫૩૩ નાઓએ આરોપીની વોચમા રહી રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯૭/૨૦૦૮ ઈપીકો કલમ ૩૬૩,૩૬૬ મુજબના ગુનાના કામના આરોપી જાવેદ ઉર્ફે શાહબુદીન ઉર્ફે લાલો સ/ઓ બાદશાહખાન દરોગાખાન શેખ ઉવ:૩૦ રહે:૨૧૪ ખ્વાજાનગર ફેસલનગર બોમ્બેહોટલની પાછળ દાણીલીમડા અમદાવાદ શહેર મુળવતન ગામ:ચપટા થાના:અજીતમલ તા:જી:ઓરૈયા ઉત્તરપ્રદેશ ને ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરી છેલ્લા દસ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પ્રસંસનીય કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.